કચ્છ બુલિન ફેડરેશનની બેઠકનો અંજાર બુલિયન દ્વારા વિરોધ દર્શાવાયો

અંજાર | ભચાઈ ખાતે તાજેજરમાં મળેલી કચ્છ બુલિયન ફેડરેશનની બેઠકમાં નવા હોલ્ટેરોની વૃદ્ધિ કરવામાં આવી હતી, આ વરણીને ભુજ અને અંજાર સહિતના બુલિયન ફેડરેશને ગેરબંધારણિય જાહેર કર્યું હતું. આ બાબતે અંજાર બુલિયન એસો.ના પ્રમુખ કમલભાઈ સોનીની યાદીમાં જણાવ્યા અનુસાર ભચાઈમાં મળેલી બેઠકમાં અંજાર મુલિયન દ્વારા અમુક ચર્ચા અને સ્પષ્ટતા માગવામાં આવી હતી, જે સમયસર ન મળતાં અંજાર બુલીયને બેઠકનો બહિષ્કાર કર્યો હતો અને હાલપણ આ સંગઠન અને તેની કાર્યના વિરોધમાં હોવાનું તેમણે જણાવ્યું હતું. સોનીએ વધુમાં જણાવ્યું હતું કે, નજીકના ભવિષ્યમાં દરેક તાલુકા જોટે સંકલન કરી જિલ્લા કક્ષાની સંસ્થા સ્થાય અને સોના-ચાંદી ઉદ્યોગનો વિકાસ થાય તે માટે અંજાર બુલિયન પ્રયત્નશિલ રહેશે.

ધાકધમકી કરવા મામલે મોથાળાના સરપંચ સામે પ્રતિ ફરિયાદ નોંધાઈ

ભુજ । અબડાસા તાલુકાના મોથાળા ગામના સરપંચે પોતાની સાથે ધાકધમકી કરી હોવા મામલે હવે તેમની વિરુદ્ધ પ્રતિ ફરિયાદ નોંધાઈ છે.જેમાં ફરિયાદી દયારામ ઉર્ફે દિનેશભાઈ ગોરીશંકર ભટ્ટે નલિયા પોલીસ મથકે આરોપી સરપંચ વિનેક કિશોરભાઈ ડાભી વિરુદ્ધ ગુનો નોંધવાતા જણાવ્યું કે,ગત 12 જુલાઈના રોજ ગામમાં આવેલ દુકાન પર નમા હતા.એ દરમિયાન પેશાબરના વનશ્યામસિંહ આરોપી સરપંચ સાથે ફોન પર વાત કરતા હતા અને ફોન સ્પીકર પર રાખેલ હતો.ત્યાર આરોપી સરપંચે ફરિયાદીને ગાળમાં રહેવા અને ગામમાંથી કાઢી મુકવાની ધમકી આપી હતી.જેથી ફરિયાદી પણ તેમની સામે બોલતા આરોપીએ ફોન કાપી નાખ્યો હતો.બનાવને પગલે પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સરકારી પોલિટેકનિકમાં રાજ્ય કક્ષાની તાલીમનો આરંભ

નવીન વિકાસમાં ક્ષેત્રીય અભ્યાસ વિષય પર યોજાયો કાર્યક્રમ

એલ્યુમ્નેશન સિમ્પોઝિયમ | ફાઈલ

ભુજની સરકારી પોલીટેક્નિક ખાતે 5 દિવસની રાજ્ય કક્ષાની શિબીર યોજવામાં આવી છે જેનું સોમવારે ઉદ્ઘાટન થયું હતું.

સમુદ્રય સંચાલિત કર્કાઈપણુ,નવીન વિકાસમાં ક્ષેત્રીય અભ્યાસ વિષય પર ટૂંકાગાળાના તાલીમ કાર્યક્રમનું સરકારી પોલિટેકનિક ભુજ ખાતે આયોજન કરાયું છે.સોમવારે આ તાલીમ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરાયું હતું.કચ્છ યુનિવર્સિટીના પર્યાવરણ અને જીવવૈજ્ઞાન વિભાગના વડા ડો. મૃગેશ ત્રિવેદીએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી વિવિધ પ્રક્રિયાઓમાં સમુદાયની ભાગીદારીની ભૂમિકા વિષે ખ્યાલ આપ્યો હતો.અધ્યક્ષસ્થાનેથી આચાર્ય ડો. ગૌરાંગ વી.લાખાણિએ સંસ્થાની સસ્ટેનેબિલિટી એજ્યુકેશન પ્રત્યેની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો હતો.પિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના વડા ડો. એસ.એમ. વોરાએ માહિતી આપી હતી. ક્રિયાટનમાં ટેકનિકલ એજ્યુકેશન કમિશનરના સંયુક્ત નિયામક અને ISTE ગુજરાત મુમ્બિનના વડા ડો. સચિન પરીખ ઓનલાઈન મોડ દ્વારા જોડાયા હતા.ડો. પરીખે આ પ્રયાસ માટે અભિનંદન અને સુભેચ્છાઓ પાઠવી હતી. ટેકનિકલ શિક્ષણ નિયામકના નિર્દેશન હેઠળ આયોજિત આ તાલિમ કાર્યક્રમમાં ગુજરાતની વિવિધ ટેકનિકલ સંસ્થાઓના 30 પ્રોફેસરો અને લેક્ચરરો ભાગ લઈ રહ્યા છે.પિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના પ્રો. ડી.વી. પંચાલે સંચાલન કર્યું હતું.

જુના કટારિયામાંથી 1.40 લાખની બોલેરો ચોરાઇ

અંજાર | જુના કટારીયાના શક્તિનગરમાં રહેતા ખેડૂત તેજુભા હિંગોળદાન ગઢવીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, તા.1/8 ના રાત્રે આઠેક વાગ્યાની આસપાસ તેમણે પોતાની બોલેરો ગાડી ઘર સામે આવેલા સાર્વજનિક ખુલ્લા પ્લોટમાં પાર્ક કરી તેની ચાવી ઘરના દિવાલ ઉપર પુઠ્ઠી જમીને સુઈ ગયા હતાં. તા.2/8 ના સવારે નવ વાગ્યે બહાર આવીને તેમણે જોયું તો બોલેરો ન દેખાતાં તેમણે પિતાને કોઈ લઈ ગયું છે પુછ્યું, મગા સબંધીઓમાં પુછપરછ કરી પણ કોઈ ભાળ ન મળતાં તેમણે પોતાની રૂ.1,40,000 ની કિંમતની બોલેરો ગાડી અજ્ઞાત ચોર ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવી છે.

માંડવીમાં ભાજપના કમળ પર આચાર સંહિતાનો પડદો હવે તો દૂર કરો

માંડવીના ટોપલસર તળાવના કિનારે પાલિકા દ્વારા કમળનો સેલફી પોઈન્ટ લાંબા સમયથી ખુલ્લો મુકાયો હતો. દરમિયાન લોકસભાની ચૂંટણી જાહેર થતાં આચાર સંહિતા લાગુ પડી હતી. 7 મે ના લોકસભાની ચૂંટણી યોજાઈ અને 4 જૂનના રીઝલ્ટ આવી ગયું છે તેમ છતાં સેલ્ફી પોઈન્ટના કમળના ફૂલ પરથી પડદો દૂર નથી કરાયો • તસ્વીર - સુરેન્દ્ર ગોસ્વામી

જાહેર નોટીસ

અમો આઈ.ડી.ગઢવી, એડવોકેટ રાપર, મારા અસીલની સુચના મળતા આ જાહેર નોટીસની લાગતા વળગતાને જણાવવાનું કે,

સુજલાન રાજવાર કચ્છ ફલ્ટલાના રાપર તાલુકામાં ટીકલપા ગામના એક ખાતા નંબર-૩૧૨, રે.સ.નં.૭૭/ પૈકી ૨ પૈકી કુલ માપ ૬.૨-૧૧-૪૦ ચો.મી. વાળી મિલકત જી ટ્રસ્ટ સંચાલક એટર્ની તરીકેની અનોદર છે. પાલેથી મારા અસીલને પોતાના માટે જોઈતી જમીન ખાતા દસ્તર કરવાનું નક્કી કરેલ છે. સદરહુ મિલકત ઉપર કોઈ બેંક, સંસ્થા, મંડળી કે કોઈ પણ પ્રકારનો લ્હણ, હિત સબંધ, લાગભાગ, લેણું, બોજ, અગર કસ્સ, કબ્જા-વાંધા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની દિવસ-૭ (સાત) માં લેખિત સ્વરૂપમાં પુરાવા સહ કબ્જા જણાવવાના અને જે મુદત દરમ્યાન કોઈનો કોઈ પ્રકારનો કબ્જા-વાંધા નહી આવે તો કોઈને કોઈ પ્રકારનો કબ્જા-વાંધા નથી અને હોય તો જતા (Wave) કરેલ છે. તેમ નહી આવતા અસીલ ભાડા રકમ ચુકવી આપી પાછી રજી.ભાડા કરાર બોગવી લેશે. પાછળથી આવનારા કબ્જા-વાંધા અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. તેવી નહી આવતા અસીલ ભાડા રકમ ચુકવી આપી પાછી રજી.ભાડા કરાર બોગવી લેશે. પાછળથી આવનારા કબ્જા-વાંધા અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. તેવી લાગતા વળગતા તમામ નોંધ લેવી.

તા.૦૫/૦૮/૨૦૨૪

આઈ.ડી.ગઢવી, એમ.આઈ.ગઢવી -એડવોકેટ
મહેતા કોમ્પલેક્ષ, રાપર, તા.રાપર-કચ્છ.
મો.૯૮૨૫૮ ૫૩૮૭૧ તે મારા અસીલોની સુચનાથ